
નવેમ્બર ૨૦૧૩

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## પ્રતિકૂળતા હિતકારી

અક્રમ એક્સપ્રેસ

# સંપાદકીય

બાળમિત્રો,

શું તમે જાણો છો કે સોનું ખાણમાંથી નીકળતી ધાતું છે ? ખાણમાંથી કાઢીએ ત્યારે એ ધાતુ જોવી પણ ન ગમે એવી કાળીમસ હોય છે. તો પછી એ આટલી ચળકાટવાળી અને કિંમતી કેવી રીતે બની ?

એને મૂલ્યવાન બનાવવા માટે એને ભઠ્ઠીમાં નાખે છે. આગમાં બરાબર તપ્યા પછી જ એ શુદ્ધ બને છે. પછી એ કિંમતી ગણાય છે.

આગમાં શેકાવું કોને ગમે ? પણ એ પ્રતિકૂળતા જ સોનાંને શુદ્ધતા આપી કિંમતી બનાવે છે. નહીં તો ખાણમાં હતું ત્યાં સુધી એની કોઈ કિંમત નહોતી.

આ જ સિધ્ધાંત મનુષ્યોને પણ લાગું પડે છે. પ્રતિકૂળતા એટલે કપરા સંજોગો. પ્રતિકૂળતા માણસનું ઘડતર કરી એની પ્રગતિ કરાવે છે. માટે પ્રતિકૂળતાને તો હિંમતભેર આવકારવી જોઈએ.

આ અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીએ પ્રતિકૂળતા કઈ રીતે ઉપકારી છે એની સુંદર સમજણ આપી છે.

તો આવો, આ અંકમાંથી સુંદર દૃષ્ટિ મેળવીએ અને જીવનમાં પ્રતિકૂળતા આવે ત્યારે પોઝિટિવ રહીએ.

-ડિમ્પલ મહેતા

## પ્રતિકૂળતા હિતકારી


૩. દાદાજી કહે છે...
૪ આ તો નવી જ વાત !
૮. મ્યૂઝિક ક્લાસ
૧૧. મહર્ષિ અરવિંદ ઘોષના (ઓરબિંદો) બાળપણની વાત
૧૩. તમારી જાતને ચકાસી જુઓ...
૧૪. જીવંત ઉદાહરણો
૧૬. ચાલો રમીએ
૧૮. મીઠી યાદેં
૧૯. પઝલના જવાબ



તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૬, અંક : ૩
સળંગ અંક : ૬૩
નવેમ્બર ૨૦૧૩



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by


Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj-382421.
Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

દુઃખ પડ્યું એટલે એમ જ માનવું કે મારા આત્માનું વિટામિન મળ્યું અને સુખ પડ્યું એટલે દેહનું વિટામિન મળ્યું.

**દાદાશ્રી** : ખરો લાભ પ્રતિકૂળતામાં છે. એક નાનામાં નાની બાબત, ઠંડા પાણીમાં કપડું બોળ્યું અને સનલાઈટ (સાબુ પાવડર) નાખો અને ગરમ પાણીમાં બોળેલાં કપડામાં સનલાઈટ નાખો તો બેઉમાં ફેર પડી જાય. (આ દાખલામાં દાદાશ્રી 'ઠંડુ પાણી' એટલે અનુકૂળતા સૂચવે છે અને 'ગરમ પાણી' એટલે પ્રતિકુળતા. જેમ ગરમ પાણીમાં કપડું વધારે ચોખ્ખુ થાય, તેવી જ રીતે પ્રતિકૂળતા આપણા માટે ઘણી હિતકારી છે).

જો કપડામાં આટલો બધો ફરક પડે છે તો આપણામાં તો કેટલો બધો ફેર પડી જાય ! દુઃખ પડ્યું એટલે એમ જ માનવું કે મારા આત્માનું વિટામિન મળ્યું અને સુખ પડ્યું એટલે દેહનું વિટામિન મળ્યું. એવી રીતે ચાલવાનું. અમે તો નાનપણથી જ એવું માનીને મજાથી ચાલેલા.

જેને તમે અડચણ કહો છો, એ 'સારી વસ્તુ છે' એવું જ્યારે માનશો ત્યારે આગળ વધાશે, નહીં તો એ અડચણને તમે 'ખરાબ છે' એવું કહેશો તો એ અડચણ તમને અટકાવી દેશે ને તમારી પ્રગતિ રૂંધાઈ જશે. અડચણોને પાર કરશો તો જ કામ પાર પડશે.

**પ્રશ્નકર્તા** : કોઈ હેરાન કરતું હોય તો શું એનો ઉપકાર માનવો ?

**દાદાશ્રી** : ઉપકાર જ માનવો જોઈએ. હંમેશા આ સંસારમાં હરેક ચીજ પોતાની ગમતી આવેને તો માણસ પ્રગતિ ના કરી શકે. અવળો વ્યવહાર આવે નહીં તો આપણી આત્મશક્તિ ખીલેય નહીં. એટલે આપણે ઉપકાર માનવો કે 'ભાઈ, તારો ઉપકાર. તે મને કંઈક શક્તિ ડેવલપ કરી આપી.' લોક તો અવળા જોડે અવળું, સવળા જોડે સવળું કરે, ઊંધુ-ચત્તું કર કર કરે. પણ આપણે તો અવળા જોડેય સવળું રહેવાનું ને સવળા જોડેય સવળું રહેવાનું. બધા જોડે સવળું રહેવાનું. કારણ કે આપણે તો મોક્ષે જવું છે ને.





કડવી દવા રોગને મારે છે. એ પચાવતા ફાવી ગઈ

પછી મીઠી દવા પચાવવાનું

ભારે નહીં લાગે.

# આ તો નવી



આપણે જે જે કસોટીમાં આવ્યા ત્યાં

આપણે કહીએ કે 'બળ્યું, આ દુઃખમાં

હું ક્યાં સપડાયો ?' એવું થયું તો દુઃખ વધે.


અને આપણે દુઃખમાં સપડાયા ને ત્યાં આગળ

આપણે કહીએ કે 'ના, અહીં અનુકૂળ છે, સારું છે.' તો અનુકૂળ થાય. માટે પાંસરું બોલવું.

આ સ્પીડબ્રેકરો છે તે શા માટે છે? તમારી સેફ્ટી માટે છે. માટે આ અડચણો આવે છે એ તમારા હિત માટે છે.

આ અડચણો ના હોય તો બધા સ્પીડમાં અટક્યા વગર દોડાદોડ કરે અને એક્સિડન્ટ

કરી નાખે. નોર્માલિટીમાં રહેવા માટે અડચણો છે.




# જ વાત !

પહેલી સહન કરવાની તાકાત આવે, પછી અડચણો આવે છે. એવો કાયદો છે,

નહીં તો માણસ ત્યાં ને ત્યાં ખલાસ થઈ જાય.

દા.ત. પહેલા પગમાં તાકાત આવે પછી પહાડ ચડવાનો સંજોગ ભેગો થાય.







મહાવીર ભગવાન પોતાના કર્મો ખપાવવા સામે ચાલીને અનાર્ય દેશમાં ગયા. (જ્યાં કોઈ એમને ભગવાન તરીકે ઓળખતું ન હોય. ત્યાં કોઈ એમને ખાવાનું ન આપે, વસ્ત્રહીન જોઈ એમને પથ્થર મારે, આવું કરતાં). તો આપણને જ્યારે પ્રતિકૂળતા મળે (કપરા સંજોગો) તો એનો ફાયદો ન લેવો જોઈએ ?

# આ તો નવી



પથ્થર પર કેટલાયે હથોડા પડે ત્યારે એમાંથી મૂર્તિ બને છે.

પછી એમાં જ્યારે પ્રાણપ્રતિષ્ઠા થાય છે, ત્યારે એ ભગવાન તરીકે પૂજાય છે.

ઘર્ષણ પ્રગતિને માટે છે. નદીમાં પથ્થરો આમથી તેમ ઘસાઈ ઘસાઈને ગોળ થાય છે.

પછી એ ગોળ પથ્થર શાલિગ્રામ તરીકે પૂજાય છે.



# જ વાત !



કેટલાક કહે કે હમણાં અડચણ ન આવે તો સારું. ત્યારે એને એ મોડી આવશે. મસ્તી વખતે આવશે. મસ્તી વખતે જ્યારે શરીર મજબૂત હશે નહીં ને ત્યારે આવશે. માટે મોડું ના બોલાવશો. અત્યારે શરીર મજબૂત છે, તાકાત છે ત્યાં આવી જાય તો સારું. પાછળથી ભારે પડશે.

# મ્યૂઝિક ક્લાસ

ખુશીએ પોતાની ફ્રેન્ડ ત્રિશાને ખુશખુશાલ જોઈને નિસાસો નાખ્યો, 'ત્રિશાને એના મ્યૂઝિક ક્લાસમાં કેટલી મજા આવે છે. મને તો મારા મ્યૂઝિક ક્લાસમાં એક જેલના કેદી જેવું લાગે છે. કોને ખબર હતી કે તુલસી ટીચર અને બેનર્જી ટીચરના મ્યૂઝિક કલાસીસ વચ્ચે આવો આભ ધરતીનો ફરક હશે!'

"હાય ખુશી!", ખુશીને કોરીડોરમાં જોઈ ત્રિશા એની પાસે આવી. ખુશી કંઈ જવાબ આપે એ પહેલા જ એ બોલવા લાગી, "આજે મ્યૂઝિક ક્લાસમાં મજા પડી ગઈ! અમે લોકોએ હીટ સી.ડી. માંથી મ્યૂઝિક સાંભળ્યું. તુલસી ટીચર એને 'મ્યૂઝિક એપ્રીશિયેશન' કહે છે. બહુ મજા આવી."

"હમમમ.... તું કેટલી લકી છે યાર! કેવા સરસ ટીચર મળ્યા છે તને. અને મને? કેવા ખડૂસ મળ્યા છે. શું જોઈને એમને ટીચર બનાવ્યા હશે. એમને તો મિલિટરિમાં હોવું જોઈએ. કેટલા કડક છે. ક્લાસમાં આખો વખત મ્યુઝીકલ નોટ્સ અને સ્કેલ્સ ભણાવતા હોય છે અને કેટલું બધું હોમવર્ક આપે છે."

ખુશીને આટલી નીરાશ જોઈ ત્રિશા બોલી, "તું પણ મારા ક્લાસમાં હોત તો મજા પડી જાત."

"હા યાર. ચાલ, હું જાઉં. કાલે મ્યૂઝિકની ટેસ્ટ છે. મારે ભણવાનું છે," એમ કહી ખુશી ઘરે જવા નીકળી ગઈ. આખા રસ્તે એને બેનર્જી ટીચર પર ખૂબ ગુસ્સો આવતો હતો.

ઘરે જઈ, થોડો નાસ્તો કરી, એ ભણવા બેઠી. પણ એનું ચિત્ત ભણવામાં ચોંટતુ નહોતું. ત્યાં તો દીદી એની કોફી લઈ રૂમમાં આવી. બાયોલોજીની બુક લઈ દીદી પલંગ પર વાંચવા લાગી.

એનું ધ્યાન ખુશી તરફ ગયું. એ ખુબ નિરાશ દેખાઈ રહી હતી.

"ખુશી, શું થયું તને? શું વાંચે છે?" દીદીએ ખુશીને પૂછ્યું.

"વાંચતી નથી, વાંચવાની કોશિશ કરું છું. કાલે મ્યૂઝિકની ટેસ્ટ છે. મારે મ્યૂઝિક શીખવા કેટલી મહેનત કરવી પડે છે અને ત્રિશા એના ક્લાસમાં કેટલી મજા કરે છે. બેનર્જી ટીચર કેટલા કડક છે! અને



તુલસી ટીચર તો કેવા સ્વીટ છે.'' ખુશીએ પોતાની નારાજગી દીદી સામે વ્યક્ત કરી.

''ઓહ તો એમ વાત છે ! અત્યારે તને આ મહેનત લાગે છે ખુશી, પણ એક દિવસ તું બેનર્જી ટીચરનો આભાર માનીશ કે તું આ બધું ભણી,'' ખુશીને દિલાસો આપતા દીદીએ કહ્યું.

''હં...'' ખુશીએ કટાક્ષમાં માથું હલાવ્યું.

'હું તને એક સરસ મજાનો દાખલો કહું. એક દિવસ એક નાનકડું પતંગિયું એના કકુનમાંથી બહાર નીકળવા માટે ખૂબ પરિશ્રમ કરી રહ્યું હતું. એક બાળક એના આ પરિશ્રમને જોઈ રહ્યો હતો. કકુનના નાનકડા કાણામાંથી બહાર નીકળવા માટે ખૂબ મહેનત કર્યા પછી એ થોડી વાર થોભ્યું. આ જોઈ પેલા બાળકને એના પર દયા આવી. એણે પતંગિયાને મદદ કરવાના આશયથી કકુનને કાતરથી કાપી નાખ્યું. પતંગિયું બહાર નીકળ્યું. બાળક રાહ જોવા લાગ્યું કે હમણાં એ ઊડશે, પણ એ ઊડી જ ના શક્યું. એની પાંખો ચીમળાઈ ગઈ.

થોડીવાર થોભીને દીદી આગળ બોલી, ''જાણે છે કેમ ? કારણ કે કકુનના નાનકડા કાણામાંથી નીકળવાની પતંગિયાની જે મહેનત હતી, તે આવશ્યક હતી. વૈજ્ઞાનિક રીતે જોઈએ તો, કકુનના કાણામાંથી નીકળવાની મહેનત વખતે એના શરીરનું પાણી એની પાંખમાં જાય છે જેથી એની પાંખને ઊડવાની શક્તિ મળે છે.

હવે એ મહેનત ન કરવાથી પેલા પતંગિયાની પાંખને ઊડવાની શક્તિ ન મળી અને એ ઊડી જ ના શક્યું. ઘણી વાર આપણને આપણી લાઈફમાં બહુ મહેનત કરવી પડતી હોય છે. પણ એ મહેનતને આપણે પોઝિટિવલી જોઈએ, તો એમાંથી આપણને ઘણું બધું



શીખવા મળતું હોય છે. એ સ્ટ્રગલ આપણને શક્તિ અને અનુભવ આપીને જાય છે. અત્યારે તને લાગતું હશે કે તારે ત્રિશા કરતાં બહુ મહેનત કરવી પડે છે. પણ આ મહેનત ભવિષ્યમાં તને ચોક્કસ મદદરૂપ થશે.''

દીદીની વાતથી ખુશીને સમાધાન થયું. એ દિવસથી એ દિલથી ભણવા લાગી. અને આખું વર્ષ સીન્સીયરલી ભણી.

આમ કરતાં કરતાં વર્ષ પૂરું થયું. વેકેશનમાં ત્રિશા અને ખુશી એક સમરકેમ્પમાં દાખલ થયા.

કેમ્પમાં એક સાંજે ફરતા ફરતા તેઓ રીક્રીયેશન રૂમ પાસે આવ્યા. ત્યાં એક પીયાનો હતો. ત્રિશા પીયાનો પાસે ગઈ, ''અરે વાહ, અહીંયા તો સોંગબુક પણ છે ! પણ આ બધું તો મારા માટે ચાઈનીસ છે !'' સોંગબુકના પાનાં ફેરવતા ત્રિશા બોલી. પીયાનો પર આમતેમ આંગળી ફેરવી એ ઊઠી ગઈ.

''ચાલ, આપણે ટેનીસ કોર્ટમાં....'' ત્રિશા એનું વાક્ય પતાવે એ પહેલા જ એને પીયાનોનો મધુર સુર સંભળાયો. પાછળ ફરીને જોયું તો ખુશી સોંગબુકમાંથી જોઈને પીયાનો વગાડી રહી હતી.

''વાહ ખુશી ! તને કેવી રીતે આવડ્યું ?'' ત્રિશાએ આશ્ચર્યથી પૂછ્યું.

''મ્યૂઝિક ક્લાસનો કમાલ અને આખું વર્ષ મહેનત કરવાનું રિઝલ્ટ. તમે લોકો પણ ક્લાસમાં શીખ્યા હશોને ?'' ખુશીએ ઉત્સુકતાથી પૂછ્યું.

''અમે લોકો તો મ્યૂઝિક ક્લાસમાં કશું શીખ્યા નહીં, આખું વર્ષ ખાલી મસ્તી કરી ખાધી,'' ધીમા અવાજે ત્રિશા બોલી.

ત્યાં તો બીજા બાળકો પણ ખુશીની પીયાનોનો મધૂર અવાજ સાંભળીને ત્યાં ભેગા થઈ ગયા. બધાએ ખુશીને પીયાનો વગાડવાનું કહ્યું. મનમાં ને મનમાં ખુશીએ બેનર્જી ટીચરનો આભાર માન્યો અને સોંગબુકમાં જોઈ, પોતાનું મનપસંદ ગીત વગાડવા લાગી.



# મહર્ષિ અરવિંદ ઘોષના (ઓરબિંદો) બાળપણની વાત

મહર્ષિ અરવિંદ ઘોષ આપણા દેશના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની તથા જાણીતા તત્વચિંતક હતા. તેઓ વડોદરામાં ઈ.સ. ૧૮૯૪ થી ૧૯૦૬ દરમિયાન મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત સચિવ તરીકે રહ્યા હતા. ચાલો, આપણે શ્રી અરવિંદના બાળપણની થોડી વાતો જાણીએ.

શ્રી અરવિંદ નાનપણથી જ ખૂબ તેજસ્વી હતા. એમના પિતાજીએ અરવિંદ અને એમના બીજા બે ભાઈઓને માન્ચેસ્ટરમાં એમના મિત્ર મિસ્ટર ડ્રયુએટને ત્યાં ભણવા મોકલ્યા.

થોડા સમય સુધી અરવિંદ અને તેમના ભાઈઓએ મિસ્ટર ડ્રયુએટ પાસેથી શિક્ષણ મેળવ્યું. પણ સંજોગોનુસાર થોડા સમય પછી ડ્રયુએટ અને તેમનાં પત્નીને ઓસ્ટ્રેલિયા જવાનું થયું. આથી તેમણે લંડનમાં એક ઘર ભાડે લીધું અને તેમાં પોતાની વૃધ્ધ માતાની સાથે આ ત્રણેય ભાઈઓની રહેવાની વ્યવસ્થા કરી.

ત્રણેય ભાઈઓ લંડનમાં દાદીમાની સાથે રહેતા હતા. એમના પિતાજી દેશમાંથી નિયમિત પૈસા મોકલી શકતા ન હતા. ઘણીવાર તો મહિનાઓ વીતી જાય તો પણ પૈસા આવતા નહીં. પરંતુ દાદીમા હતાં એટલે ખાવા-પીવાનો કંઈ વાંધો આવતો ન હતો. આમ ત્રણ વરસ તો સારી રીતે નીકળી ગયાં.

પણ એક દિવસ એવો વાંધો પડી ગયો કે બધું જ ઊંધુ-ચત્તું થઈ ગયું. એમા બન્યું એવું કે દાદીમાને ત્રણેય ભાઈઓએ દરરોજ પ્રાર્થના ગાઈને સંભળાવવી પડતી. તેમ જ પ્રાર્થના પછી ધર્મગ્રંથમાંથી એક પાનું મોટેથી વાંચીને સંભળાવવું પડતું. આ વાંચવાનું કામ મોટે ભાગે ભાઈ બિનયભૂષણ જ કરતા. પણ તે દિવસે વચલા ભાઈ મનમોહને વાંચ્યું. એ દિવસે મનમોહનનો મિજાજ ઠેકાણે ન હતો. ધર્મગ્રંથ વાંચતા પહેલા એ મોટેથી બોલ્યા, ''ધર્મગ્રંથમાં જે લખ્યું છે એ પ્રમાણે લોકો ચાલતા તો નથી અને વાંચવાંચ કરે છે.''



એ ઓરડીમાં રહીને તેઓ ઈટાલિયન, રશિયન, સ્પેનિસ, જર્મન અને ગ્રીક ભાષાઓ પણ શીખ્યા.



આ સાંભળીને દાદીમા કાળઝાળ થઈ ગયાં. એમનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. બોલ્યા, ''અરેરે, તમે આવા હળહળતા નાસ્તિક છો. ! ધર્મગ્રંથનું આવું અપમાન કરો છો ? જાવ, હવે મારે તમારી સાથે રહેવું નથી. હું આ ચાલી.'' અને તેઓ તો સાચેસાચ પોતાનો બધો સામાન લઈને બીજે રહેવા જતાં રહ્યા.

અને તે દિવસથી ઘર ચલાવવાનો બધો જ ભાર ત્રણે ભાઈઓના માથે આવી પડ્યો. હવે ઘરનું ભાડું કોણ ભરશે ? ફી ભરવાનાય પૈસા નથી, તો ખાવા-પીવાના પૈસા ક્યાંથી કાઢશું ? આમ અનેક મુશ્કેલીઓ તેમને ઘેરી વળી. ભાડું ભરવાના પૈસા ન હોવાથી ઘર ખાલી કરી દેવું પડ્યું.

મોટાભાઈ બિનયભૂષણે લિબરલ ક્લબની ઓફિસમાં અઠવાડિયાના પાંચ પાઉન્ડની નોકરી શોધી લીધી. એને ક્લબની પાછળ એક ભંડકિયા જેવો ઓરડો હતો, એમાં રહેવા આપ્યું. ખરેખર તો એ ઓફિસનું ગોડાઉન હતું. હવા ઉજાસનું નામ નહી. લંડનની કાતિલ ઠંડીની સામે ગરમાવો આપે તેવી 'ફાયર પ્લેસ' ની પણ કોઈ વ્યવસ્થા નહોતી. કારણ કે આ ઓરડો સામાન ભરવા માટેનો હતો. માણસોને રહેવા માટેનો નહીં. આ ઉપરાંત, ત્યાં ટ્રેનોની સતત અવર-જવરનો ઘોંઘાટ ચાલુ જ રહેતો.

પણ શ્રી અરવિંદ હિંમત ન હાર્યા. આવા ભંડકિયામાં, સતત થતા ઘોંઘાટની વચ્ચે રહી એમણે પોતાનો સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો. આ ઉપરાંત, એ ઓરડીમાં રહીને તેઓ ઈટાલિયન, રશિયન, સ્પેનિસ, જર્મન અને ગ્રીક ભાષાઓ પણ શીખ્યા. એટલું જ નહીં, પણ એમણે સમગ્ર સ્કૂલમાં શ્રેષ્ઠ સાહિત્યના લેખન માટે અપાતું 'બટરવર્થ પ્રાઈઝ' અને ઈતિહાસ માટે અપાતું 'વુડવર્થ પ્રાઈઝ' પણ મેળવ્યું. અને સ્કૂલના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેની સ્કોલરશીપ પણ મેળવી.

જોયું મિત્રો, શ્રી અરવિંદે આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ કેવું ઉચ્ચ ભણતર મેળવ્યું ! તો ચાલો, આજે આપણે પણ નક્કી કરીએ, કે નાની મોટી મુશ્કેલીઓમાં નિરાશ થયા વગર પોઝિટિવ રહીને પાર નીકળી જઈશું.

# તમારી જાતને ચકાસી જુઓ....

આ અંકમાં આપણે પ્રતિકુળતાને ઉપકારી જોવાની દૃષ્ટિ મેળવી. તો ચાલો, આપણે એ દૃષ્ટિવડે આપણા મિત્ર આગમ ની મદદ કરીએ. નીચે આપેલા પ્રતિકુળ સંજોગોમાં આગમે કેવી દૃષ્ટિ રાખવી જોઈએ ? દરેક પ્રતિકુળ સંજોગ માટે અનુરૂપ ચાવી, નીચે આપેલી ચાવીઓમાંથી પસંદ કરો અને પ્રતિકુળ પ્રસંગની સામે આપેલી ખાલી જગ્યામાં એ ચાવી નં લખો.

## પ્રસંગો

**૧**. ફાઈનલ એક્ઝામના પ્રોજેક્ટમાં સહુને સહેલા ટોપિક્સ મળ્યા, અને આગમને અઘરો ટોપિક મળ્યો. ટોપિક જોઈને આગમના પાટિયા જ બેસી ગયા. એને છું, "આટલો અઘરો ટોપિક મને નહિ આવડે. હવે હું શું કરીશ ?" **ચાવી નં** :-.......

**૨**. જાત્રામાં ગયા ત્યારે, આગમ સિવાય એના બધા મિત્રોની હોટલ-રૂમમાં ટી.વી, માઈક્રો-વેવ અને ફ્રીજ હતા, અને આગમના રૂમમાં આવી કોઈ જાતની સગવડ નહોતી. આગમને થયું, "આ શું ? મારી સાથે જ આવો અન્યાય કેમ ?" **ચાવી નં** :-.......

**૩**. મમ્મી દીદીને કોઈ પણ કામ સોંપે, તો એ કામ દીદી આગમ પાસે અચાવી-પટાવી અને આખરે દબડાવીને પણ કરાવે. દીદી ના આવા વર્તણુકથી કંટાળી ગયો હતો. **ચાવી નં** :-.......

**૪**. આગમના બધા ફ્રેન્ડસ સ્કુટર લઈને સ્કુલે જાય અને આગમ રોજ સાયકલ પર જાય. એને ઘણીવાર મનમાં થાય, "આટલી બધી સાયકલીંગ કરવાનું કેટલું કપરું છે. કાશ, મારી પાસે પણ સ્કુટર હોત !" **ચાવી નં** :-.......

**૫**. કોક વાર મ્મીને રસોઈ બનાવતા મોડું થાય અને આગમને જમવાનું મોડું મળે. અને ત્યારે જો મમ્મીએ કારેલાનું શાક બનાવ્યું હોય, તો આગમના ગુસ્સાનો પાર ના રહે. **ચાવી નં** :-.......

## ચાવીઓ

**એ**. મમ્મીને ડીસ્ટર્બ કર્યા વગર, ઈન્ટરનેટ પરથી પિઝ્ઝા હોમ -ડીલીવરી નો નંબર શોધી પિઝ્ઝા મંગાવી લેવાના.

**બી**. મહાવીર ભગવાન પોતાના કર્મો ખપાવવા સામે ચાલીને અનાર્ય દેશમાં ગયા. આપણને તો ઘેર બેઠા ઉપકારી મળે છે, તો એનો ફાયદો ના લેવો જોઈએ ?

**સી**. આપણે દુઃખમાં સપડાયા ને ત્યાં આગળ આપણે કહીએ કે, 'ના, અહીં અનુકુળ છે, સારું છે.' તો અનુકુળ થાય.

**ડી**. ગોળ-મટોળ ફ્રેન્ડને સાયકલીંગની એક્સસાઈસના ફાયદા સમજાવી, એને સાયકલ આપી એનું સ્કુટર વાપરવાનું.

**ઈ**. જેના રૂમમાં બધી ફેસીલીટી ઉપલબ્ધ હોય, એના રૂમમાં તાત્કાલિક શિફ્ટ થઈ જવાનું.

**એફ**. જે ભાણામાં આવે તે ખાઈ લેવું. મોડું મળ્યું તો શું, મળ્યું તો ખરું ને ! કેટલાક લોકોને તો ખાવાનું મળતું પણ નથી. અને આમ પણ, કડવો રસ શરીરને હિતકારી છે.

**જી**. 'મને કેમ ના આવડે.' એમ વિચારી કામ શરૂ કરવાનું અને ધ્યાનમાં રાખવાનું કે અઘરું કામ કરવાથી વધુ સારો અનુભવ મળે અને વીઝન ખીલે.


**એચ**. અત્યારે શરીર મજબુત છે, તાકાત છે ત્યારે અડચણ આવી જાય તો સારું. પાછળથી ભારે પડશે.

જવાબ: ૧-જી, ૨-ઈ, ૩-બી, ૪-ડી,એચ, ૫-એફ

ઈતિહાસમાં ઘણા દાખલાઓ છે કે મોટી મોટી સફળ વ્યક્તિઓને, સફળતા મેળવતા પહેલા ઘણા વિઘ્ન અને અડચણોનો સામનો કરવો પડ્યો હતો. એમણે સફળતા અને જીત મેળવી કારણ કે તેઓ આ અડચણોથી નિરાશ કે નાસીપાસ નહોતા થયા.

ચાલો, આપણે આવા જ અમુક સફળ વ્યક્તિઓની જીવન મુસાફરી વિષે થોડું જાણીએ.

૧. ૧૯૪૦માં ચેસ્ટર કાર્લસન નામના એક યુવાન સાયન્ટિસ્ટે એક ખૂબ જ પાવરફુલ શોધ કરી. પોતાની શોધને કાર્યક્ષેત્રે લાવવા માટે તેઓ લગભગ ૨૦ કોર્પોરેશન (કંપની) પાસે ગયા. પણ બધાએ જ તેમની શોધને રદ કરી નાખી. લગભગ સાત વર્ષ અસ્વીકાર પામ્યા પછી, ૧૯૪૭માં એક નાનકડી કંપનીએ એમની શોધ સ્વીકારી. આ કંપનીનું નામ હતું - હેલોઈડ, જે આજે ઝેરોક્ષ કોર્પોરેશનના નામે ઓળખાય છે. અને કાર્લસનની શોધ હતી - ઈલેક્ટ્રોસ્ટેટીક પેપર કોપિંગ, જેને આજે આપણે ઝેરોક્ષના નામે ઓળખીએ છીએ.



૨. યુ.એસ.એના સોળમાં રાષ્ટ્રપતિ એબ્રાહમ લીન્કને પોતાની લાઈફમાં ઘણી બધી નિષ્ફળતા અને હારનો સામનો કર્યો. છતાંય એમણે કદી હાર માની નહી.

એક ગરીબ પરિવારમાં જન્મેલા લિંકન, રાષ્ટ્રપતિ બનતા પહેલા આઠ વાર ચૂંટણી હારી ચુક્યા હતા. બે વાર એમને પોતાના વ્યવસાયમાં ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. પણ છતાંય, એમણે પોતાનું લક્ષ ક્યારેય ના છોડ્યું. અને આજે લિંકનની ગણતરી યુ.એસ.એના સૌથી મહાન રાષ્ટ્રપતિમાં થાય છે.



# ઉદાહરણો

૩. ૧૯૫૨માં એડમંડ હિલરીએ પહેલી વાર માઉન્ટ એવરેસ્ટ ચડવાનો પ્રયાસ કરેલો. એમનો એ પ્રયાસ નિષ્ફળ ગયો હતો. ત્યાર બાદ, ઈંગ્લેન્ડમાં એક ગ્રુપને સંબોધવા માટે એમણે આમંત્રણ આપવામાં આવ્યું.


હિલરી સ્ટેજ પર આવ્યા. ત્યાં માઉન્ટ એવરેસ્ટના ફોટા પર હાથ મૂકી, માઉન્ટ એવરેસ્ટને સંબોધતા એ બોલ્યા, "એવરેસ્ટ, પહેલી વાર તે મને હરાવ્યો, હવે હું તને હરાવીશ. કારણ કે તારે જેટલું વધવાનું હતું એટલો તું વધી ચુક્યો છે, પણ મારો વિકાસ હજી થઈ રહ્યો છે."

અને ત્યાર બાદ, એક વર્ષ પછી મે ૨૯, ૧૯૫૩માં એડમંડ હિલરી દુનિયાના પહેલાં વ્યક્તિ હતા જે માઉન્ટ એવરેસ્ટ ચઢવામાં સફળ રહ્યા.



૪. સરદાર વલ્લભભાઈ પટેલનું બાળપણ ઘણું ગરીબીમાં વીત્યું હતું. થોડો વખત મોસાળમાં નડિયાદ ભણ્યા. વચ્ચે કરમસદ જવાનું થાય ત્યારે ત્યાં એક નાનું ઘર ભાડે રાખી સાતેક વિદ્યાર્થીઓ ક્લબ જેવું કરીને રહેતા. દરેક જણ પોતાના ઘેરથી અઠવાડિયાનું અનાજ દર રવિવારે લઈ આવે અને વારાફરતી હાથે રસોઈ કરી બધા જમે.


બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ ગયા ત્યારે પણ બધી ચોપડીઓ ખરીદવા જેટલા પૈસા એમની પાસે નહોતા. એટલે લાઈબ્રેરીમાં જઈને વાંચી આવે. પોતે જ્યાં રહેતા, ત્યાંથી લાઈબ્રેરી અગિયાર-બાર માઈલ દૂર હતી. રોજ એટલું ચાલીને સવારે નવ વાગે ત્યાં પહોંચતા અને છેક છ વાગે લાઈબ્રેરી બંધ થાય, બધા ચાલ્યા જાય અને પટાવાળો આવીને કહે કે 'સાહેબ, હવે બધા ગયા.' ત્યારે સરદાર ત્યાંથી ઊઠતા. સાંજે પાછા ચાલતા જ ઘેર જતા. આમ રોજનું બાવીસ-ચોવીસ માઈલ ચાલવાનું થતું. આવી કઠણ જિંદગીમાં એમનું કાઠું ઘડાયું અને એક ખડતલ વ્યકિતત્વ પાંગર્યું.



# ચાલો રમીએ


## ૧

અહીં આપેલ ૮ ટુકડાને એવી રીતે ગોઠવો કે જેથી ૮ બાય ૮ નું ચેસ બૉર્ડ બને.



## ૨

બે સરખા ચિત્રોને શોધી કાઢો.





## 3

અહીં પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ તેની નીચે દર્શાવેલ ચાર ચિત્રોમાંથી કોઇ એક ચિત્ર પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

A





B





C




D



## ૪




આ ૧૨ ચિત્રોના ટુકડાને એવી રીતે ગોઠવો કે જેથી એક પુરું ચિત્ર બને.

## ૫

આ ચિત્રને ધ્યાનથી જૂઓ ને શું લખ્યું છે તે શોધી કાઢો.



## ૬

રસ્તો શોધો.





# મીઠી યાદેં

એક વખત અમદાવાદમાં પૂજ્ય નીરુમાનો સત્સંગ હતો. સત્સંગનો સમય થતાં ગાડી તૈયાર થઈ. નીરુમા ગાડીમાં આગળ બેઠા. એક ભાઈ ગાડી ચલાવતા હતા તેઓ મૂળ મુંબઈના હતા. અને બીજા બે-ત્રણ ભાઈઓ પાછળની સીટમાં બેઠાં.

સત્સંગ હોલ નજીક પહોંચતા રસ્તામાં બધા મહાત્માઓ દેખાવા લાગ્યા. નીરુમાને જોઈને બધા મહાત્માઓ નમી નમીને એમને અને ડ્રાઈવિંગ કરતા ભાઈને 'જય સચ્ચિદાનંદ' કહેવા લાગ્યા. નીરુમાની સાથે પેલા ભાઈને પણ બધા 'જય સચ્ચિદાનંદ' કહેતા હતા. ભાઈ મૌન રહી 'જય સચ્ચિદાનંદ' કરતા હતા. આમ થોડા મહાત્માઓનું થયું.

ગાડી આગળ વધી રહી હતી. આગળ જતાં થોડા મુંબઈના મહાત્માઓ દેખાયા. તેઓએ નીરુમાને 'સચ્ચિદાનંદ' કર્યા. એમને જોઈને પેલા ભાઈ એકદમ ઉલ્હાસમાં આવી ગયા. સામે 'જય સચ્ચિદાનંદ' કરી, એમની પાસે લઈ જઈને ગાડી એકદમ ધીમી કરી બોલ્યા, ''ઓહોહો ! કેમ છો મહાત્મા ? ક્યારે આવ્યા ?''

વાત કરતા હતા એટલામાં બીજા મુંબઈના મહાત્માને જોયા. એમની સાથે પણ એમણે એટલા જ પ્રેમથી અને આનંદથી વાતો કરી.


આ બધું નીરુમા જોતા હતા. ત્યારે તો તેઓ મૌન રહ્યા પણ પછી જ્યારે સત્સંગ હોલ પાસે પહોંચ્યા એમણે પેલા ભાઈને ટકોર કરતા કહ્યું, ''અલ્યા, તુ કેટલા બધા સાથે ભેદ પાડે છે કે આ મુંબઈવાળા ને આ સુરતવાળા. મુંબઈવાળા આપણા ને સુરતવાળા પારકાં. આ બધા જ દાદાના મહાત્મા છે. તારે નિષ્પક્ષપાતી રહેવુ જોઈએ અને છેવટે આપણે અભેદ રહેવાનું છે. આવું કરીશ તો નિષ્પક્ષપાતી ક્યારેય નહીં થઈ શકે. આપણે તો છેક વીતરાગતા સુધી પહોંચવાનું છે.''

પેલા ભાઈને નીરુમાની વાત બહુ સ્પર્શી ગઈ. ત્યાર પછી એમને કાયમ એ યાદ રહેતું કે આ બધા દાદાના મહાત્મા એક સરખા જ છે.


**જ્ઞાનીઓની એક ટકોર – પણ જ્ઞાનની કેટલીયે શ્રેણીઓ ચડાવી દે !**

# પઝલના જવાબ

૪




૧



૨

૩

૫

૨ – ૫

A- 

B- 

Bigfun

C- 

D- 

# ઑસ્ટ્રેલિયા–ન્યુઝીલેન્ડના બાળકો સાથે પૂજ્યશ્રી

## કલ્ચરલ પ્રોગ્રામ



## આશીર્વાદ





## આરતી





## ઈન્ફોર્મલ ટાઈમ

Akram Express
November 2013
Year : 6, Issue : 3
Conti. Issue No.: 63

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## ન્યુઝીલેન્ડ આગમન





## કલ્ચરલ પ્રોગ્રામ









## આશીર્વાદ



## ગરબા



## ફન ઝોન

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 ##.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta
Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published
at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.